બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વધારાના વર્ગો ખોલવા માટે અરજી ફી દાખલ કરવા તેમજ શાળાઓનું કદ મર્યાદિત કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૦૧૧-૨૫૪૧-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 12 OCT 2022

વંચાણે લીધા:

(1) શિક્ષણ વિભાગનો તા.૧૫-૦૫-૧૯૯૯નો ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૯૯-૩૧૪-ગ

(2) શિક્ષણ વિભાગનો તા.૦૮/૦૩/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ ઉમશ-૧૧૦૬-૨૧૩૮-ગ.૧

(3) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૭/૨૦૧૨નો સુધારા ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૦૧૧-૨૫૪૧-ગ

(4) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા.૦૧/૦૪/૨૦૧૯ના પત્ર ક્રમાંકઃ ઘ/માધ્ય/અનદ-૨/૨૦૧૮-૧૯/૮૮૪૯

(5) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા.૦૧/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ ઘ/માધ્યમિક/અનદ-૨/૨૦૨૧-૨૨/૧૯૨૩

(6) કમિશનરશ્રી, શાળાઓની કચેરીનો તા.૨૬/૦૪/૨૦૨૨ના પત્ર ક્રમાંકઃ ઘ/માધ્યમિક/અનદ-૨/૨૦૨૨/૭૩૩૬

આમુખ:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તારીખ ૦૪/૦૭/૨૦૧૨ના સુધારા ઠરાવથી ધોરણ ૯ થી ૧૨ના ધોરણોમાં ધોરણદીઠ છ થી વધારે વર્ગો મંજૂર કરતી વખતે ધ્યાને લેવાના માપદંડ નક્કી કરવામાં આવેલ. આ ઠરાવની જોગવાઇ (૨) મુજબ 'શાળાનું બોર્ડના પરિણામ ૭૫% કે તેથી વધારે હોવું જોઇએ.' મુજબની જોગવાઇ કરવામાં આવેલ હતી. પરંતુ આ જોગવાઇમાં છેલ્લા વર્ષનું પરિણામ ગણવું કે સરેરાશ પરિણામ ગણવું તે અંગે કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ ન હતી. આથી પ્રસ્તુત બાબતે જરૂરી સ્પષ્ટતા કરવા વંચાણે લીધા ક્રમાંક (૪) થી (૬) સામેના પત્રોથી કમિશનરશ્રી, શાળાઓની કચેરીએ દરખાસ્ત કરેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૦૪/૦૭/૨૦૧૨ના સુધારા ઠરાવથી નક્કી કરવામાં આવેલ માપદંડના ક્રમ (૨) સામેની જોગવાઇમ

'શાળાના બોર્ડના ૭૫% કે તેથી વધુ પરિણામ'ના સ્થાને ' શાળાના છેલ્લા ૩ વર્ષનું સરેરાશ પરિણા
૫૦% કે તેથી વધુ' હોય તો છ થી વધારે વર્ગની મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના શિક્ષણ વિભાગના તારીખ ૦૪/૦૭/૨૦૧૨ના સુધાર ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ઇમેલ

ક્રમાંક: ઘ/ માધ્ય/ અનદ-૨/ ૨૦૨૨-૨૩/ ૨૦૪૩૬-૭૦
કમિશનર શાળાઓની કચેરી
બ્લોક નં. ૯/૧ , ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર. તા.૨૧/ ૧૦/ ૨૦૨૨.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ.

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : બમશ/૧૦૧૧/૨૫૪૧/ગ, તા.૧૨/૧૦/૨૦૨૨ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

(બી.સી.સોલંકી)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના જાણ સારૂ.

E-mail

ક્રમાંક:માધ્ય/ક.૧/૨૦૨૨/૧૨૧૨-૧૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
ભાવનગરતા.૨૧/૧૦/૨૦૨૨

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,
ભાવનગર જિલ્લો.

ઉક્ત જાહેરનામાની વિગતે જાણ તથા કાર્યવાહી થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

**નકલ રવાના:**
શિ.નિ. શ્રી, એસ.વી.એસ. તમામ, સદર કચેરી. /- આપના એસ.વી.એસ. ની શાળાઓને ઉક્ત પરિપત્રની વિગતે જાણ કરી જરૂરી કાર્યવાહી કરાવવા

Scanned with CamScanner